ગાંધીનગર સમાચાર

## વિશ્વકર્મા ભગવાનના બારમા પાટોત્સવનું આયોજન

### @ગાંધીનગર

● ગુજરાત દૈનિક અખબાર સંઘ-ટ્રસ્ટ દ્વારા સોમવારે સાંજે ૪.૦૦થી ૬.૦૦ કલાક દરમિયાન સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે સેમિનાર યોજાશે.

● વસાહત મંડળ સે-૩ દ્વારા સવારે ૯.૦૦ કલાકે સાંઈ મંદિર, સે-૩-ડી ખાતે સિનિયર સિટીઝન સ્નેહમિલન સમારંભ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

### આઈટીઆઈ કુબેરનગર ખાતે ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

પ્લેસમેન્ટ એડવાઈઝર બ્યુરો, આઈટીઆઈ કુબેરનગર અમદાવાદ ખાતે આગામી તા. ૨૨ ડિસેમ્બરના રોજ સવારે ૮.૩૦ કલાકે નોકરી માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ફીટર, મશીનિષ્ટ, ટર્નર, મીકેનીકલ મોટર વ્હીકલ, મીકેનીકલ ડીઝલ, વેલ્ડર, ઈન્સ્ટુમેન્ટ મીકેનીકલ, ઈલેકટ્રીશીયન, વાયરમેન, ઈલેકટ્રોનિકસ, ડ્રાફટસમેન મીકેનીકલ, પેઈન્ટર અને કોપા ટ્રેડના વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫માં પાસ થયેલા ઉમેદવારોને હાજર રહેવા જણાવ્યું છે. આ ઉપરાંત ટ્રેડની જરૂરિયાત ધરાવતા અમદાવાદ તેમજ આજુબાજુના વિસ્તારના ઔદ્યોગિક એકમો અને નોકરી દાતાઓને પણ તેઓની જરૂરીયાત મુજબના કૌશલ્ય ધરાવતા ઉમેદવારોની પસંદગી અર્થે પ્લેસમેન્ટ એડવાઈઝર બ્યુરો ખાતે પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે તેમજ વધુ વિગતો માટે પ્લેસમેન્ટની ફેસબુક **placement.itikubernagar** ની મુલાકાત લઈ જોવા જણાવ્યું છે.

### વિશ્વકર્મા ભગવાનના બારમા પાટોત્સવનું આયોજન

વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા આગામી તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ બારમા પાટોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૯મી ફેબ્રુઆરીના રોજ રાંદલમાના તેડાનું આયોજન કરાયું છે. સમાજના જ્ઞાતિજનોને વિનંતિ કે જેઓને પાટોત્સવ હવનના પાટલામાં સહયજમાન બનવું હોય તેમજ રાંદલમાના યજમાન બનવું હોય તેઓએ સમાજના કાર્યાલયનો સંપર્ક કરી પોતાનું નામ નોંધાવવા સમાજના પ્રમુખ કચરાભાઈ સુથારે જણાવ્યું છે. તથા જ્ઞાતિજનોને આ અવસરે ઉપસ્થિત રહી લાભ લેવા અનુરોધ કર્યો છે.

# સે-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે હરિકૃપા દર્શનનો પ્રારંભ









ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ સ્થિત સ્વામીનારાયણ મંદિરના ભગવતકૃપા પર્વ પ્રસંગે આજે સવારે ૮ કલાકે મોટા મહારાજશ્રી તેજેન્દ્ર પ્રસાદજીના વરદ હસ્તે ‘‘હરિદર્શન’’નું ઉદઘાટન તેમજ શાસ્ત્રી હરિકેશવદાસજી લિખિત ‘‘વચનામૃત દ્રષ્ટાંત કથાઓ’’ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભકતો હાજર રહ્યા હતા. આજે પ્રથમ દિવસે શહેરના હજ્જારો ભાવિકોએ હરિદર્શન પ્રદર્શન નિહાળ્યું છે.

સ્વામીનારાયણ મંદિર સેકટર-૨૩ ખાતે હરિદર્શનના ઉદઘાટન અને પુસ્તકના વિમોચન પ્રસંગે પધારેલા મોટામહારાજશ્રી તેજેન્દ્ર પ્રસાદજીએ મંદિર હોલમાં ઉપસ્થિત હરિભકતોને જણાવ્યું હતું કે હરિકેશવદાસજી શાસ્ત્રી સ્વામી હંમેશા ભગવાનને આગળ રાખે છે જગતમાં સૌ ભગવાનથી આગળ રહેવાનો પ્રયત્ન કરતા હોય છે.શાસ્ત્રીજી સરળ ભાષાથી સુંદર પુસ્તકો લખે છે તેની પ્રશંસા કરી ને ઉપસ્થિત હરિભકતોને આશિર્વાદ અને શુભેચ્છા આપી હતી. ભગવતકૃપા પર્વની ઉજવણીના ભાગરુપે આયોજીત હરિકૃપા દર્શનનું ઉદ્‌ઘાટન મોટામહારાજ તેજેન્દ્ર પ્રસાદજીના હસ્તે કરી ભાવિકો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. સ્વામી નારાયણ મંદિર સે.૨૩ ખાતે શાસ્ત્રીજી હરિકેશવદાસજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આયોજીત પ્રદર્શન આજથી ૨૭ ડિસેમ્બર સુધી ચાલશે. આ પ્રદર્શનમાં હિમાલયની ગીરીમાળાઓ વચ્ચે શ્રી બદરીનારાયણ ધામ ૩૦ ફુટની ઉંચાઈ તથા ૪૦ ફુટના ઘેરાવામાં નિર્માણ પામ્યું છે.જેમાં અદ્‌ભુત ગુફા-પર્વતો,ઝરણા અને રુષીમુનીઓની આકર્ષક પ્રતિકૃતિઓ ઉપરાંત વન્યજીવો સહિત ગંગાજી સાથે અદ્‌ભુત ધામનું અલૌકિક દર્શન માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. વિશેષમાં પ્રદર્શનમાં સ્વામીનારાયણ ભગવાન હસ્તે બંધાયેલ નવ મંદિર, બ્રહ્માનંદ સ્વામી દર્શન,કલાત્મક હિંડોળે ઝુલતા શ્રીહરિના અનોખા દર્શન,કલાત્મક રંગોળી,છપૈયા દર્શન, સંસ્કાર મુલ્ય વિડિયો નિદર્શન. ભકતો દ્વારા શ્રધ્ધા સાથે બનાવાયેલા વૈવિધ્યસભર કલાકૃતિઓના અજોડ દર્શન,ચરણાવિંદ સહિતની અદ્‌ભુત પ્રદર્શન નિહાળવા ગાંધીનગરના ભાવિ ભકતોને મંદિર તરફથી હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# એસ જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ યોજાયો







ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ દ્વારા આજે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ સ્પર્ધાઓના અંતે ગ્રીન હાઉસ ૮૪ પોઈન્ટ સાથે પ્રથમ, યલો હાઉસ દ્વિતિય અને બ્લ્યૂ હાઉસ તૃતિય ક્રમે વિજયી રહ્યા હતા.

મહાત્મા ગાંધી વિદ્યાલય, સૅક્ટર-૧૬ના પ્લેગ્રાઉન્ડ ખાતે આ રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમોના ક્રમનો આરંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વેલકમ ડાન્સ સાથે આમંત્રિત મુખ્ય મહેમાન આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત

**ગ્રીન હાઉસ પ્રથમ અને યલો હાઉસ બીજા ક્રમે વિજયી**

ખેલાડી નાઝકુમાર ઘાંઘર, કોચ બી કે સિંગ, કેમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલ, આર જે વ્યાસ અને શાળાનાં આચાર્યા મિલિ સિંગનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પૉર્ટ્સ કેપ્ટને પ્રતિજ્ઞા લેવડાવી હતી અને ત્યારબાદ બ્લ્યૂ, ગ્રીન, ઓરેન્ડ, યલો, રેડ, પાંચેય હાઉસ દ્વારા પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેડકા દોડ, લીંબુ ચમચી, બૂક બૅલેન્સીંગ, ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર, ૬૦૦ મીટર દોડ, રીલે દોડ, ચક્ર ફેંક, ગોળા ફેંક, બરછી ફેંક, ઊંચો કૂદકો, સ્લો સાઈકલીંગ, સંગીત ખુરશી અને દોરડા ખેંચ જેવી રમતોની સ્પર્ધા વિદ્યાર્થીઓ વચ્ચે યોજાઈ હતી. શિક્ષકોના સહકાર અને વ્યાયામ શિક્ષકોની જહેમતથી કાર્યક્રમ સફળતાને વર્યો હતો.

## સે-૧૩ હત્યા પ્રકરણમાં ચોથા હત્યારાની પણ ધરપકડ

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૧૩નાં છાપરા વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય કરતારસિંગ ચિખલીગરની હત્યા તેના ચાર પિતરાઈ ભાઈઓએ કરી નાંખી હતી અને હત્યારા પિતરાઈ ભાઈઓ સગા સંબંધીઓના ઘરે જઈને છુપાઈ ગયા હતાં. સે-૭ પોલીસે ગઈ સાંજે ત્રણની ધરપકડ કરી લીધી હતી અને મોડી રાત્રે ચોથો હત્યારો પણ મળી જતાં તેની ધરપકડ કરી લીધી હતી. હત્યારાઓના રિમાન્ડ મેળવવા સે-૭ પોલીસે તજવીજ શરુ કરી છે.

**ચારેય પિતરાઈ ભાઈઓના રિમાન્ડ મેળવવા પોલીસની તજવીજ**

૨૮ વર્ષીય કરતારસિંગ ચિખલીગરને ભુંડ પકડવા લઈ જવાના બહાના હેઠળ ઘરેથી લઈ ગયેલા ચાર પિતરાઈ ભાઈઓ સે-૧૩ બિજ નિગમ પાછળની ઝાડીઓમાં લઈ જઈ કરતારસિંગને માથે ધોકો અને ગળે છરો મારીને મોતને ઘાટ ઉતારી નાંખ્યો હતો. હત્યા બાદ ચારેય હત્યારાઓ ફરાર થઈ ગયા હતા. ગઈ કાલે સેકટર-૭ પોલીસે ત્રણ હત્યારા સતનામ ઉર્ફે સોનું ડાંગી, મનસીંગ ડાંગી અને મનમોહન ઉર્ફે મોન્ટુ ડાંગીની ગઈ સાંજે ધરપકડ કરી લીધી હતી જયારે ફરાર અન્ય એક વોન્ટેડ આરોપી મહોબતસિંગ ઉર્ફે સાચી સિંગ કરણસિંગ ડાંગી પણ મોડી રાત્રે તેના સંબંધીના ઘરેથી મળી આવતા તેની પણ ધરપકડ કરી લેવામાં આવી હતી. ચારેયને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.





ગાંધીનગરના સે-૧૫માં ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે તાજેતરમાં ઉદ્યોગ સાહસિકતા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ૩૯૦ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે લીડ મેનેજર ડી.ડી. રાઠોડ, ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રોજેકટ મેનેજર વી.એચ. પટેલ, જિલ્લા રોજગાર અધિકારી વી.એસ. પાંડોર તથા અમદાવાદથી ઓલા કેબના મેનેજર હર્ષલ વૈદ્ય, રોજગાર અને તાલીમ વિભાગના નાયબ નિયામક જી.એન. પારેખ વગેરે નિષ્ણાંતોએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને સઘન તાલીમ પુરી પાડી હતી.

# મી. કલીન, કયાં છે તમારી ડસ્ટબીન?

## માત્ર ડસ્ટબીનો મુકી દેવાથી સ્વચ્છતા આવી જતી નથી : કચરાને ખરેખર ‘કચરો’ સમજવાની માનસિકતા કેળવવી પડશે




ગાંધીનગર, તા.૨૦

બૉલીવુડની જાણીતી અભિનેત્રી પ્રિતિ ઝિન્ટા એક વાર વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા ગાંધીનગર આવી હતી. એરપોર્ટથી મહાત્મા મંદિર સુધીના માર્ગે કાર દ્વારા પસાર થતી વખતે નગરના માર્ગો પરની અણિશુધ્ધ સ્વચ્છતા જોઈ અભિનેત્રી એટલી હરખાયી હતી કે તેણે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ખોબલે ને ખોબલે પ્રસંશા કરી હતી. એકલી પ્રિતિ ઝિન્ટા જ નહી પરંતુ આ સમિટમાં આવેલી લગભગ તમામ હસ્તિઓ ગુજરાતની ‘સ્વચ્છ’ તસવીરથી અંજાયા હતા. આજે એજ મુખ્યમંત્રી ભારતનું વડાપ્રધાન પદ શોભાવી રહ્યાં છે અને ‘મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન’ આરંભી હજુ પણ પ્રસંશા મેળવી રહ્યાં છે. જો કે વાઈબ્રન્ટ સમિટ સમયેની તસવીર અને અત્યારની તાસીર આ બંનેની સરખામણી કરીએ તો વરવી વાસ્તવિકતા સિવાય કશું જ હાથમાં આવે તેમ નથી.

ગાંધીનગરના મહાત્મા મંદિરે ગત જાન્યુઆરી માસમાં જ યોજાયેલી છેલ્લી વાઈબ્રન્ટ સમિટ વખતે એ પણ તંત્ર એ સમગ્ર નગરને ચોખ્ખાઈનો પર્યાય સમુ બનાવી દીધું હતું અને નગરનું એ ‘રૂપ’ સદાકાળ જળવાઈ રહે તે હેતુથી નગરના માર્ગો પર ઠેર ઠેર રૂપકડી ‘ડસ્ટબીનો’ ખડે પગે તૈનાત કરી દેવામાં આવી હતી. સરકારનો આશય તો એવો હતો કે આ રંગબેરંગી ડસ્ટબીનો નગરજનોને કચરો નાંખવા એટલા આકર્ષી લેશે કે પાટનગરની સુંદરતાની સોનાની થાળીમાં કચરાની ‘મેખ’ ફરી નહીં લાગે. વર્ષ ૨૦૧૫ વિદાય લઈ રહ્યું છે ત્યારે તંત્ર એ જોયેલું આ સોનેરી ‘સોણલું’ વાસ્તવિકતાની ધરતીએ ઊંધા મોંઢે પછડાયું છે. પાટગરના સુજ્ઞ અને વિચારશીલ નગરજનો આ માટે હજુ પણ સરકારી તંત્રને દોષ આપે છે પરંતુ એ કેટલું વ્યાજબી છે તે થોડું મનન કરી વિચારવા જેવું ખરું.

હવે તો જમાનો કારમાં પણ ડસ્ટબીન રાખવાનો છે કારણ કે કચરાના નિકાલ માટે ડસ્ટબીનની સગવડ હોવી જોઈએ તે પ્રાથમિક જરૂરિયાત છે. આ હકીકત સમજીને નગરમાં ઘરે ઘરેથી કચરો એકત્ર કરવા બે બે ડસ્ટબીનની લ્હાણી કરવામાં આવી, એકમાં સૂકો કચરો અને એકમાં ભીનો કચરો. મોટા ભાગના નાગરિકોએ એક ડસ્ટબીનને કાં તો માળિયે ચઢાવી દીધી છે કાં તેને પોતાની ટોયલેટની ડોલ બનાવી દીધી છે અને માત્ર એક જ ડસ્ટબીનને કચરો નાંખવા માટે રાખી. આમ, પ્રથમ પગલે જ તંત્રને ભીનો અને સૂકો કચરો અલગ અલગ એકત્ર કરવાના આયોજનને ખોરવી નંખાયું છે. વાત માત્ર ડસ્ટબીનના ઉપયોગની નથી પરંતુ સફાઈ પ્રત્યેની માનસિકતાની છે. ઘરની બાલ્કનીમાંથી બહાર કચરો ફેંકવો, રસ્તા પર અને જાહેર સ્થળોએ જયાં ત્યાં થુંકવું, ખાદ્ય પદાર્થોના પેકિંગ રેપર જયાં ત્યાં ફેંકી દેવા, બસની બારીમાંથી કે ટ્રેનની બારીમાંથી કચરો ફેંકવો, ડસ્ટબીનને શોધવાનો પ્રયત્ન કર્યા વગર જ ખૂણે ખાંચરે ઉકરડા કરી દેવા તે આપણે ખૂબ સામાન્ય ગણાતી બાબતો બનાવી દીધી છે. ગમે તેટલી રૂપકડી ડસ્ટબીનો હોય પરંતુ ત્યાં સુધી જવાની તસ્દી કોણ લે? અને ભૂલથી પહોંચી પણ ગયા તો કચરો કે નકામી ચીજવસ્તુ એવી રીતે ફેંકવાની કે અંદર ગઈ તો ઠીક અને ના ગઈ તો પણ ઠીક પછી ધીમે ધીમે ડસ્ટબીનની આસપાસ જ એટલો કચરો થઈ જાય કે ડસ્ટબીન સુધી નહીં પહોંચવાનું બહાનું મેળવવું આસાન બની જાય અરે, જે રૂપકડી ડસ્ટબીનો મુકી છે તે પીવીસીની બનેલી છે તે જોયા વગર જ તેમાં કચરો સળગાવી દેવાનો, પછી એ ડસ્ટબીન ખુદ કચરો ના બની જાય તેમાં નવાઈ શી?




(તસવીર : કશ્યપ નિમાવત)

જો કે તંત્રએ પણ માત્ર ડસ્ટબીન મુકી દેવાથી કામ પુરું થતું નથી તે ધ્યાનમાં રાખી નિયમિત તેને ખાલી કરાય અને તેની પણ સફાઈ કરાય તે જોવું એટલું જ જરૂરી છે. એક હકીકત તો નક્કી છે કે જયાં સુધી આપણે કચરાને ‘કચરો’ સમજતા જ નહીં થઈએ ત્યાં સુધી સરકારને તો અબજો રૂપિયા વાપરવા બ્હાનુ મળતું જ રહેશે અને આપણે પૂછતા જ રહીશું કે કયાં છે તમારી ડસ્ટબીન, મી. કલીન?

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

### વાતવાતમાં

● ગાંધીનગરમાં હવે સીસીટીવી કેમેરા દ્વારા પોલીસે ટ્રાફિક પર બાજ નજર રાખવાનું ચાલુ કર્યુ છે. જે અંતર્ગત પ્રોજેકટના પ્રથમ દિવસે જ ૮૯ ઈ-ચલણ ફાટયા હતા. આરંભે શૂરાની જેમ ચાલુ થયેલ આ પ્રોજેકટ જો આવું જ પરિણામ દાખવશે તો નક્કી ટ્રાફિકના નિયમો તોડતા વાહનચાલકો સીધા દોર થઈ જશે.

● રવિવારે ગાંધીનગરમાં વિવિધ સમાજો અને સંસ્થાઓ દ્વારા ઠેર ઠેર સ્નેહમિલન સમારંભોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કારણે નગરના મોટા ભાગના હોલ, પાર્ટી પ્લોટ તથા હોટલો હાઉસફુલ રહી હતી અને નગરજનો પણ દિવસભર સમારંભો માણવામાં વ્યસ્ત રહ્યા હતાં.

● વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ વખતે સરકાર દ્વારા નગરના બ્યુટીફીકેશનના ભાગરૂપે લાખ્ખો રૂપિયાના ખર્ચે મોટા મોટા સાઈનબોર્ડસ મુકાયા હતા. આ સાઈન બોર્ડસથી કેટલું ભલું થયું એ તો રામ જાણે પરંતુ હાલ વિવિધ ધંધાકીય એકમો સાઈનબોર્ડના બીજી તરફના ભાગે પોતાની જાહેરાતો ચીપકાવી ઉપયોગ કરી રહ્યાં છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

### જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ દ્વારા રેલીનું આયોજન

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા તા. ૨૨ અને ૨૩ ડિસેમ્બરના રોજ જિલ્લા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક, સરકારી તથા બિનસરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે શિવાલય ફાર્મ ક-૭ ચોકડી ગાંધીનગર ખાતે યોજાનાર આ રેલીમાં કેમ્પફાયર, સર્વધર્મપ્રાર્થના, ધ્વજવંદન, પીજંટ શો, ગાંઠોની સ્પર્ધા, અવલોકન, નેચર એજ્યુકેશન તથા છાવણી નિરીક્ષણ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં સ્કાઉટ ગાઈડ સંઘના સભ્યો રેલીમાં જોડાશે.

### રંગ અવધૂત પરિવાર દ્વારા પદયાત્રા યોજાશે

રંગ અવધૂત પરિવાર દ્વારા રંગ અવધૂત મહારાજના માતા મા રૂકમામ્બાની મૂર્તિના પ્રતિષ્ઠાન ત્રિમૂર્તિદત્ત મંદિર સેકટર-૨૮ ખાતે ૨૫માં વર્ષ નિમિતે તા. ૩ થી ૧૨ ફેબ્રુઆરીએ સંઘ ગાંધીનગરથી નારેશ્વર સુધી માતવંદના પાલખી અને ધજા સાથે પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રામાં જે ભાવિક ભકતો જોડાવવા માંગતા હોય તેઓને દત્ત મંદિર ખાતે સંપર્ક સાધવા પ્રમુખ નવીનભાઈ પાઠકે જણાવ્યું છે.




‘સ્વચ્છતા અભિયાન’ અંતર્ગત નાગરીકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ લાવવાના ભાગરૂપે આજ રોજ ગાંધીનગરના ઉત્સુક યુવાનો વિજયસિંહ માજીરાણા, પ્રદિપસિંહ વાઘેલા, ધર્મેન્દ્ર પરમાર, પૃથક ઠકકરે સેકટર-૨૪ના શોપિંગ સેન્ટર તેમજ રહેણાંકના વિસ્તારમાં ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’, ‘સ્વચ્છતા જાળવો રોગ ભગાડો’, ‘કચરો કચરા પેટીમાં જ નાંખો’ ના પોસ્ટરો લગાવી નાગરીકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ દ્વારા સુંદર અને સ્વચ્છ શહેરના નિર્માણનો હેતુ હતો. જેથી ગંદકી જયાં ત્યાં ના થાય અને ગાંધીનગરને સાચા અર્થમાં કલીન ગાંધીનગર બનાવી શકાય.

### ચિરવિદાય

- સ્વ. દેસાઈ મણીભાઈ હરીભાઈ, ઉ.વ.૭૦
- સ્વ. હંસાબેન પ્રહલાદભાઈ ત્રિવેદી, ઉ.વ.૮૯
- સ્વ. ફતાજી હિરાજી ઠાકોર, ઉ.વ.૪૭
- સ્વ. પ્રદિપ ભાગીરથી મધુકર, ઉ.વ.૪૫